(1)

GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION

GANDHINAGAR

Petition No. _____ of 2023

IN THE MATTER OF:

Petition under Section-86 and other provisions of the Electricity Act, 2003 for implementation of Government of Gujarat GR No. SLR/11/2014/GoI/81154/B1 Dated 08.07.2022 and GR No. SLR/e-file/20/2022/B1 dated 17.04.2023 for granting Regular Electricity Connection and to Convert Off-Grid Stand alone Solar Pump sets into Grid Connected Solar Pump sets under the supply jurisdiction of State Distribution Licensees (i.e. DGVCL, MGVCL, PGVCL and UGVCL).

AND

IN THE MATTER OF:-

1) PASCHIM GUJARAT VIJ COMPANY LIMITED — Petitioners
2) UTTAR GUJARAT VIJ COMPANY LIMITED
3) MADHYA GUJARAT VIJ VOMPANY LIMITED
4) DAKSHIN GUJARAT VIJ COMPANY LIMITED

AND

GUJARAT URJA VIKAS NIGAM LIMITED — Co-Petitioner

PETITIONER MOST RESPECTFULLY SUBMIT THAT

1. Preamble

1.1 The erstwhile Gujarat Electricity Board has been unbundled in

(2)

seven functional entities under the Gujarat Electricity Industry Reorganization and Comprehensive Transfer Scheme, 2003 notified under the Gujarat Electricity Industry (Reorganization and Regulation) Act 2003. The activities of Generation, Transmission, Distribution, Bulk power purchase and supply undertaken by erstwhile Gujarat Electricity Board has been entrusted to separate seven functional entities. The generation activity is assigned to Gujarat State Electricity Corporation Ltd. (GSECL), the transmission activity is assigned to Gujarat Energy Transmission Corporation Ltd. (GETCO) and the distribution activity is assigned to four Petitioner Distribution companies hereinabove viz. Uttar Gujarat Vij Company Ltd. (UGVCL), Madhya Gujarat Vij Company Ltd. (MGVCL), Dakshin Gujarat Vij Company Ltd. (DGVCL) and Paschim Gujarat Vij Company Ltd. (PGVCL). Further, the function of Bulk purchase and Bulk sale of power is assigned to co-Petitioner, Gujarat Urja Vikas Nigam Ltd. (GUVNL) as per the re-organization scheme.

1.2 It is submitted that the present petition is filed for implementation of Government of Gujarat GR No. SLR/11/2014/GoI/1154/B1 Dated 08.07.2022 for granting Regular Electricity Connection to beneficiary of Off-Grid Stand alone Solar Pump sets and to Convert Off-Grid Stand alone Solar Pump sets to Grid Connected Solar Pump sets under the supply jurisdiction of State Distribution Licensees (i.e. DGVCL, MGVCL, PGVCL and UGVCL).

2. SUBMISSION:-

2.1 It is submitted that earlier, Government of Gujarat vide GR No. BJT/2014/1447/K1 dated 25.09.2014 had notified scheme to provide financial support for installation of Off-Grid Standalone agriculture Solar Pump sets where the DISCOM Grid was not

(3)

approachable. Under the scheme, total 12742 Off-Grid Standalone agriculture Solar Pump sets under the jurisdiction of State DISCOMs have been installed during the period from 2014 to 2018. DISCOM wise installation of Off-grid Solar Pump sets is annexed as **Annexure - A.** The brief details of terms & conditions of Government GR dated 25.09.2014 & amendments thereof are as under:

a) The farmers having minimum 1 acre agriculture land were eligible to participate under the scheme.

b) The installation of Off-Grid Standalone Agriculture Solar pump set having capacity of 3 HP, 5 HP or 7.5 HP (AC or BLDC) for irrigation purpose was allowed.

c) The participating farmers were required to contribute Rs. 1000 per HP in case of SC / ST category and Rs. 5000 per HP in case of other applicants.

d) The ownership of Solar pump sets and ancillary equipments for initial five (5) years from the date of installation shall be with DISCOM and ownership shall be transferred to the beneficiary farmers after completion of five years. The copy of GR dated 25.09.2014 & amendments thereof are annexed herewith as **Annexure - B (Colly).**

2.2 It is submitted that the Ministry of New and Renewable Energy (MNRE), Government of India vide Office Memorandum (OM) dated 08.03.2019 has notified 'Pradhanmantri Kisan Urja Suraksha evam Utthaan Mahabhiyan' (PM-KUSUM) Scheme covering following three component namely

(4)

Component A, B & C.

2.3 The Component B of PM-KUSUM scheme is aimed for support of installation of 17.5 lakhs Standalone Off-Grid agricultural Solar Pump sets of individual pump capacity upto 7.5 HP, in the country.

2.4 It is respectfully submitted that as per the guidelines issued by MNRE under the Component B of PM-KUSUM scheme, the Off-Grid Standalone Agriculture Solar Pump sets can be converted into the Grid Connected Solar Pump sets if the distribution network of DISCOM is developed in the vicinity of such area.

2.5 It is further submitted that considering the above provision of PM KUSUM scheme, Government of Gujarat has decided to grant Regular Electricity Connection to beneficiary farmers who had earlier installed Off-Grid Standalone Solar Pump sets and to convert Off-Grid Standalone Agriculture Solar Pump sets into Grid Connected Solar Pump sets for beneficiary farmers having land area of less than 8 acres under which installation of Off-Grid Solar Pump was allowed.

2.6 It is submitted that, in this regard, Government of Gujarat vide Notification dated 03.06.2022 & 08.07.2022 has notified a scheme of granting Regular Electricity Connection to beneficiary farmers and to convert Off-Grid Standalone Agriculture Solar Pump sets into Grid Connected Solar Pump sets for agriculture consumers having total land area of less than 8 acres under which installation of Off-Grid Solar Pump sets was allowed. The copy of Government of Gujarat GR dated 03.06.2022 & 08.07.2022 are annexed herewith

(5)

and marked collectively as **Annexure - C (Colly)**.

2.7 The salient features and terms & condition ,as contained in the Government of Gujarat GR dated 03.06.2022 & 08.07.2022 in this regard, are highlighted as under:

i. The Scheme shall be applicable to individual farmers who has installed Off-Grid Standalone Agriculture Solar Pump sets under GR dated 25.09.2014 and have completed period of 5 years from date of installation and having land area less than 8 acres for which such Off-Grid Standalone pump sets have been installed.

ii. Under the scheme, the beneficiary farmers whose Off-Grid Standalone Agriculture Solar pump sets are within the vicinity of 1 KM from the existing 11 kV / LT network of local DISCOM shall be eligible to participate in the scheme.

iii. It is optional for the beneficiary farmers to have regular electricity connection along with their existing solar pump set. Upon granting of such Regular connection, beneficiary farmer shall have to convert the existing Off-Grid Standalone Solar pump set into grid connected solar pump set.

iv. For connecting an Off-Grid Solar pump set into the Grid, a Grid-tie inverter shall be installed which will converts DC solar power into AC solar power and the solar generation will be synchronized with Grid frequency. Further, an automatic changeover switch shall also be installed for converting mode of operation of Solar pump set from Off-grid to Grid connected, in case 3 phase power schedule for particular agriculture feeder is altered into night hours.

(6)

v. The beneficiary farmers who have been granted Regular electricity connection along with existing pump set, have to ensure for carrying out maintenance of Solar Pump set for five (5) years from the date of release of Normal electricity connection. If maintenance of Off-Grid Solar Pump set is not properly carried out, the benefits of normal electricity connection shall be forfeited.

vi. The details of Application form (A1 Form) & other documents submitted by the consumers to avail regular connection under the scheme, shall be verified by DISCOMs with the documents submitted by applicant at the time of application for Off-Grid Solar Pump set.

vii. Upon fulfillment of terms & conditions mentioned at above in (i) to (vi), the respective DISCOM shall carry out site survey for checking Technical feasibility of new electric infrastructure (subject to maximum line length upto 1 KM), Right of Way (RoW) and other technical parameters etc. required for granting regular electricity connection.

viii. After the site survey is undertaken by DISCOM & the meeting of the eligibility criteria as per the prescribed norms, DISCOM shall issue notice to beneficiary for providing purchase invoices along with payment details for equipments / tools such as:

1) Grid-Tie Inverter and affiliate ACDB, DCDB, Earthing, requisite Protection devises and equipments as per applicable IS standard.

(7)

2) If existing Pump set of Off-Grid Standalone is of DC Type, the applicant has to convert Off-Grid Standalone into AC type at his own cost.

Since the installation of above mentioned equipments / tools is necessary for connecting Off-Grid Standalone Pump set with the Grid, the applicant has to bear the cost of these equipments / tools and other ancillary charges and the applicant has to directly pay such cost and charges to concerned Solar agency.

ix. Upon the receipt of requisite documents from the applicant regarding purchase of above requisite equipments / tools, DISCOM shall issue Firm Quotation (FQ) to applicant, for granting regular electricity connection and Grid Connectivity charges, as per the prevailing norms & Regulations of Hon'ble Commission.

x. After the payment of FQs by beneficiary farmer, DISCOM shall sign (i) Power supply Agreement for regular electricity connection as required under GERC Supply Code regulations and (ii) Power Purchase Agreement for purchase of surplus Solar power by DISCOM from the beneficiary farmer.

xi. **Subsidy:** Under the scheme, Government of Gujarat will provide grant for cost / expenses towards installation of Transformer Structure, electric lines, Metering system (including Net meter, solar meter, Pump meter, RMS etc) for grant of regular electricity connection to the beneficiary farmer having Off-Grid Standalone Solar Pump set.

(8)

xii. Due to Grid connectivity of Solar Pump sets, the existing schedule for 3 phase Power Supply shall not be altered in to the day time power supply only for beneficiary farmers.

xiii. **Sale of Surplus Energy:** The power purchase agreement shall be executed between beneficiary farmer and respective DISCOM. As per the Agreement, the surplus energy injected into the grid after meeting consumption requirement for irrigation shall be purchased by DISCOM at Rs. 1.75/Unit for 25 years from the date of installation of Off-Grid Solar Pump set. In case of net import of the energy from grid during the billing period, the consumers shall be charged at the applicable agriculture tariff. The rate determined by Hon'ble Commission from time to time shall be final in this regard.

2.8 It is to mention that for installation of Off-Grid Standalone Solar Pump set, beneficiary farmers had paid Rs. 1000 / 5000 per HP, as the case may be and the balance amount is borne by Government of Gujarat through subsidy support. Further, Hon'ble Commission in its Solar Tariff Order dated 08.05.2020 has decided the SIC rate Rs. 1.75 per unit in case of consumers not availing RE attributes. In line with the approach taken by Hon'ble Commission in the Order dated 08.05.2020, Government GR provides for fixed tariff of Rs. 1.75 per unit for the purchase of surplus solar power from Solar pump set by State DISCOM.

2.9 Considering above, DISCOMs have proposed the rate of Rs. 1.75 per unit for purchase of surplus power from the Solar pump sets. It is further submitted that the implementation of scheme is having enormous benefits to stockholders i.e. farmers, society as a whole,

(9)

DISCOMs and Government in terms of:

(i) Availability of Quality Grid power to beneficiary farmers.
(ii) Purchase of surplus energy shall be accounted towards RPO of DISCOMs.
(iii) Reduction in cross subsidization among consumers etc.
(iv) Reduction in energy bill for farmers and additional income towards sale of surplus solar power for the agreement period.
(v) Reduction of subsidy burden for Government.

In view of the same, Hon'ble Commission is requested to allow DISCOMs for purchase of surplus solar power from the participating farmers under the scheme at the rate of Rs. 1.75/Unit as referred to in the Government GR dated 08.07.2022.

2.10 It is further to mention that Hon'ble Commission in the order dated 29.10.2018 (Petition No. 1729 of 2018) in the matter of implementation of SKY Yojana of State Government, has decided to charge applicable regular tariff for net drawl of energy by participating farmers who have solar system under prevailing SKY scheme of State Government. In line with the same, the Government GR dated 08.07.2022 refers to charge applicable regular agriculture tariff in case of net drawl of energy from the grid during billing period by beneficiary farmers.

2.11 It is further to mention that, as per GR No. SLR/e-file/20/2022/B1 dated 17.04.2023 the energy accounting & energy settlement for beneficiary farmers shall be carried out on the billing cycle basis while the settlement of amount (payable for surplus energy, if any) shall be carried out on yearly basis.

10

2.12 It is respectfully submitted that Government of Gujarat GR No. SLR/11/2014/GoI/1154/B1 Dated 08.07.2022 for converting Off-Grid Standalone Agriculture Solar Pump sets into Grid Connected Solar Pump sets under the supply jurisdiction of State Distribution Licensees (i.e. DGVCL, MGVCL, PGVCL & UGVCL) and is to be uniformly implemented in the State owned DISCOMs and the relief sought is also same for all four DISCOMs. Therefore, it is preferred to file common petition by DISCOMs and GUVNL as Co-petitioner.

3. PRAYER :-

It is humble prayer of the petitioners that

a. Hon'ble Commission may please to admit the petition.

b. Hon'ble Commission may please to take note of the Government of Gujarat GR No. SLR/11/2014/GoI/1154/B1 Dated 08.07.2022 & GR No. SLR/11/2021/3087/B1 dated 03.06.2022 for granting Regular Electricity connection and converting Off-Grid Standalone Agriculture Solar Pump sets into Grid Connected Solar Pump sets under the supply jurisdiction of State Distribution Licensees (i.e. DGVCL, MGVCL, PGVCL and UGVCL).

c. To allow rate of Rs. 1.75/Unit for purchase of surplus solar energy injected into the grid from the installed solar system by beneficiary farmers and to charge applicable regular agriculture tariff in case of net drawl of energy from the grid during billing period.

d. Pass such other and further orders as may be deemed fit and proper in the fact and circumstances of the case.

11

e. The petitioners crave leave to reserve its right to add, alter, amend/ modify the memo of the petition and make further submission as and when required.

DECLARATION

Declaration that subject matter of the petition has not been raised by the petitioner before any other competent forum is currently seized of the matter or has passed any order in relation thereto.

Paschim Gujarat Vij Co. Limited

-PETITIONER

Place: Rajkot

Date: 15.07.2023

12

BEFORE THE GUJARAT ELECTRICITY REGULATORY COMMISSION AT GANDHINAGAR

PETITION NO. Of 2023

IN THE MATTER OF: **Petition under Section-86 and other provisions of the Electricity Act, 2003 for implementation of Government of Gujarat GR No. SLR/11/2014/GoI/81154/B1 Dated 08.07.2022 and GR No. SLR/e-file/20/2022/B1 dated 17.04.2023 for granting Regular Electricity Connection and to Convert Off-Grid Stand alone Solar Pump sets into Grid Connected Solar Pump sets under the supply jurisdiction of State Distribution Licensees (i.e. DGVCL, MGVCL, PGVCL and UGVCL).**

NOTARY V. N. NIMBARK RAJKOT (Guj.) Reg. No.8342/10 Valid upto 20/09/2025 GOVT. OF INDIA

PETITIONER: Paschim Gujarat Vij Company Limited (PGVCL) & Others.

AND

Co-PETITIONER: Gujarat Urja Vikas Nigam Limited (GUVNL)

AFFIDAVIT

I, Rajendra, Son of Jivanlal Vala, aged about 49 years, resident of Rajkot, do hereby solemnly affirm and state as under:

1. I am the Chief Engineer of Paschim Gujarat Vij Company Limited, the Petitioner above named and I am well conversant with the facts of the case and able to depose to the present affidavit.

2. I have gone through the contents of the accompanying Reply and I say that the contents stated therein are based on the records of the

NO
V. N.
RAJK
Reg. N
Vali
20/0
GOVT. O

(13)

Respondent maintained in the normal course of business and believed by the deponent to be true.

DEPONENT

VERIFICATION:

I, the deponent above named do hereby verify that the contents of my above affidavit are true to my knowledge, no part of it is false and nothing material has been concealed there from.

Verified at Rajkot on this 15th day of July, 2023.

DEPONENT

Solemnly Affirmed Before me by Shri Rajendra J. Vaid who is identified by Shri Self Advocate who is personally known to me on this 15 day of JULY 2023

Dt. 15-07-2023

V. N. Nimbark
NOTARY
RAJKOT (Guj.)

Page No. 028
Serial No. 0045
Receipt No. 0045
Date 15.07.2023

14

(૩૦૦-/ના નોન જ્યુડિસિયલ સ્ટેમ્પ પેપર)

<u>પાંચ વર્ષ પૂર્ણ થયેલ ઓફ-ગ્રીડ સોલાર પંપ ધરાવતા ખેડૂતોને નિયમિત વીજ જોડાણ આપી ઓફ ગ્રીડ સ્ટેન્ડ અલોન સોલાર સીસ્ટમને ગ્રીડ સાથે જોડવા અંગેની યોજના હેઠળ જોડાયેલ ગ્રાહક ખેડુત અને વીજ વિતરણ કંપની વચ્ચે ગ્રીડ જોડાણ અને વીજ વેચાણ બાબતે દ્વિપક્ષીય કરાર.</u>

ગુજરાત સરકારશ્રીના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક SLR/11/2014/GoI/1154/B1 તા:૦૮-૦૭-૨૦૨૨(તેમજ વખતો વખતના સુધારા સહીત)થી રાજ્યના ખેડૂતોના લાભાર્થે, ઓફ-ગ્રીડ સોલારપંપ સ્થાપનના પાંચ વર્ષ પૂર્ણ થયા હોય તેવા ઓફ-ગ્રીડ સોલારપંપ ધરાવતા ખેડૂતોને વીજ લાઈન, ટ્રાન્સફોર્મર અને રીમોટ મોનીટરીંગ સીસ્ટમ સહિતનું વીજ નેટવર્ક ઉભું કરી ઓફ-ગ્રીડ સોલારપંપને ગ્રીડ સાથે જોડવા અંગેની યોજનાની અમલવારી કરવા નિર્ણય કરેલ છે..

આ યોજના અંતર્ગત અગાઉ જે ખેડૂતોને ઓફ-ગ્રીડ સોલાર પંપ ફાળવેલ છે અને સદર ઓફ-ગ્રીડ સોલાર પંપ ઇન્સ્ટોલેશનના પાંચ (૫) વર્ષ પૂર્ણ થયા છે અને જેઓ જે તે સર્વે નંબરમાં ૮ એકર કરતા ઓછી જમીન ધરાવે છે તેવા ખેડૂતોને તેમના હયાત ઓફ-ગ્રીડ સોલાર સીસ્ટમને ગ્રીડ સાથે જોડી પરંપરાગત વીજ જોડાણ આપવા માટે સમાવિષ્ટ કરવામાં આવશે.

આ યોજના અંતર્ગત, લાભાર્થી ખેડૂતો તેમના સોલાર પંપ સેટમાંથી સૌર ઉર્જા ઉત્પાદિત કરી સ્વ-વપરાશ કરી જે સૌર ઉર્જા બચે તે ગ્રીડમાં ઇન્જેકટ કરી અને જે તે વીજ વિતરણ કંપનીને વેચી શકશે તેમજ વીજળી જ્યાં ઉત્પાદિત થાય ત્યાં જ લાભાર્થી ખેડૂત તેનો ઉપયોગ કરી શકશે. હવે પછી આ કરારમાં ઓફ-ગ્રીડ સોલાર પંપને ગ્રીડ સાથે જોડાવાની યોજનાને "યોજના" તરીકે ઉલ્લેખ કરવામાં આવશે.

આથી સદર યોજનાની અમલવારી અંતર્ગત પ્રથમ પક્ષકાર (ગ્રાહક ખેડુત) અને બીજા પક્ષકાર (વીજ વિતરણ કંપની) વચ્ચે ઓફ-ગ્રીડ સોલાર પંપ સિસ્ટમના વીજ ગ્રીડ જોડાણ માટે નીચે મુજબ "દ્વિપક્ષિયકરાર " કરવામાં આવે છે.

<u>પ્રથમ પક્ષકાર</u>

શ્રી/શ્રીમતી.....ઓફ-ગ્રીડ સોલાર પંપ ધરાવતા ગ્રાહક,ઉંમર વર્ષ.....ખેતર સર્વેનં..... ગામ..... તાલુકો .....જિલ્લો..... ગ્રાહક નંબર ..... તથા કરારીત વીજભાર .....ની 'ઓફ-ગ્રીડ સોલાર પંપને ગ્રીડ સાથે જોડાવાની અરજી મંજુર કરવામાં આવેલ હોય જેમને હવે પછી આ કરાર માં "પ્રથમ પક્ષકાર" કે "ખેડુત" કે "લાભાર્થી" કે "ગ્રાહક" કે "અરજદાર" એ રીતે સંબોધવામાં આવશે, તથા

15

તેના અર્થમાં તેમના વંશ, વાલી, વારસો ઇત્યાદિનો સમાવેશ થાય છે.

અને

<u>બીજા પક્ષકાર</u>

.....ગુજરાત વીજ કંપની લીમીટેડ, કંપની ધારા ૧૯૫૬ હેઠળ નોંધાયેલ કંપની કે જેની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ.....મુકામે આવેલ છે જેમાં તેના વારસો અને અનુગામીઓનો સમાવેશ થાય છે.તેઓનુ પ્રતિનિધિત્વ .....પેટા વિભાગીય કચેરી દ્વારા કરવામાં આવશે. હવે પછી આ કરારમા "બીજા પક્ષકાર" કે "કંપની" કે"વીજ કંપની" કે "વીજ વિતરણ કંપની"કે "ડીસ્કોમ"એ રીતે સંબોધવામાં આવશે.

આથી અમો ઉપરોકત બંને પક્ષકારો વચ્ચે અરસ-પરસની સમજુતી મુજબ તારીખ .....ના રોજ ..... મુકામે કોઇપણ પ્રકારના દાબ, દબાણ કે ધમકીને વશ થયા વગર પુરા હોંશોહવાશમાં <u>નીચે જણાવેલ શરતો મુજબ</u> કરાર કરવામાં આવે છે.

1. આ યોજનાનું અમલીકરણ .....ગુજરાત વીજ કંપની દ્વારા કરવામાં આવશે.

2. સદર યોજના અંતર્ગત ઓફ-ગ્રીડ સોલાર પંપ ધરાવતા પ્રથમ પક્ષકાર વીજ ગ્રાહક શ્રી /શ્રીમતી .....,ગ્રાહકનંબર.....,ગામ.....,ખેતરસર્વે નં .....એ તારીખ .....ના રોજ આ યોજનામાં જોડાવા નોંધણી કરાવેલ છે.

3. અરજદાર/ખેડુત (પ્રથમ પક્ષકાર) ઓફ-ગ્રીડ સોલારપંપના સ્થાપનને પાંચ વર્ષ પૂર્ણ થયે તેમના ઓફ-ગ્રીડ સોલારપંપને પરંપરાગત વીજ જોડાણ આપી ઓફ-ગ્રીડ સોલાર સીસ્ટમને ગ્રીડ સાથે જોડવા અંગેની યોજનામાં જોડાવા માટે વીજ કંપનીને(બીજા પક્ષકારને) અરજી નોંધાવેલ છે તથા તે સાથે જરુરી દસ્તાવેજ અને પુરાવા બિડેલ છે તથા આ અંતર્ગત પ્રથમ તબકકે રકમ રૂ.રસીદ નંબર .....તારીખ.....થી ભરપાઇ કરેલ છે.

4. ઓફ-ગ્રીડ સોલારપંપના સ્થાપનને પાંચ વર્ષ પૂર્ણ થયા હોય તેવા ઓફ-ગ્રીડ સોલારપંપને પરંપરાગત વીજજોડાણ આપી તેમની સોલાર સીસ્ટમને ગ્રીડ સાથે જોડવા અંગેની યોજના અંતર્ગત વીજ કંપની (બીજા પક્ષકાર) ને લાભાર્થી ખેડૂત (પ્રથમ પક્ષકાર) દ્વારા કરેલ અરજી મુજબ, વીજ કંપનીના નિયમોનુસાર અને યોજનાની શરતો મુજબ,ઓફ-ગ્રીડ સોલારપંપને ગ્રીડ સાથે જોડી પરંપરાગત વીજજોડાણ આપવામાં આવશે.

5. સદર યોજના અંતર્ગત લાભાર્થી ગ્રાહકે (પ્રથમ પક્ષકારે) પોતાના ખેતરમાં હયાત ઓફ-ગ્રીડ સોલાર પંપને ગ્રીડમાં જોડવા માટે નીચે મુજબના ઉપકરણો જરૂરી હોઇ તેનો ખર્ચ ભોગવવાનો રહેશે.
    a) ગ્રીડ-ટાઇ ઈન્વર્ટર અને સંલગ્ન ACDB , DCDB , જરૂરી સુરક્ષા ઉપકરણો (Protection Devise) અને વસ્તુઓ IS સ્ટાન્ડર્ડ મુજબ
    b) જો હયાત ઓફ-ગ્રીડ સોલારપંપ D.C. હોય તો તેને A.C. પમ્પમાં બદલવાનો ખર્ચ ખેડૂતે ભોગવવાનો રહેશે.

6. સદર યોજના અંતર્ગત લાભાર્થી ગ્રાહકે (પ્રથમ પક્ષકારે) પરંપરાગત ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે નિયમોનુસાર જે તે કેટેગરીના અરજદારને ભરવાપાત્ર થતા અંદાજપત્રની રકમ તથા માન. વીજ નિયમ આયોગના રેગ્યુલેશનની જોગવાઇ અનુસાર ગ્રીડ કનેક્ટિવિટી ચાર્જ જે તે વીજ વિતરણ કંપનીમાં ભરવાનો રહેશે.

7. ટેકનિકલ અને ઇન્ટરકનેકશન જરૂરિયાત: (Technical & Interconnection Requirements)
    a) વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) સાથે લાભાર્થી ગ્રાહક (પ્રથમ પક્ષકાર) દ્વારા કરેલ કરાર તેમજ યોજનાની શરતો મુજબ અને નામ. આયોગના લાગુ પડતાં નીતિ- નિયમો, ધારા-ધોરણો, શરતો

16

(સમયાંતરના સુધારા સાથે) મુજબ સોલાર પીવી સિસ્ટમથી ઉત્પન્ન થયેલ વધારાની વીજળીને ગ્રીડમાં ઈજ્નેકટ કરવા માટે ગ્રીડ કનેક્ટિવિટી (connectivity-સોલાર સિસ્ટમનું ગ્રીડ સાથે જોડાણ) આપવા માટે, નીચે મુજબના ઠરાવ,નીતિ-નિયમો,મુજબ રહેશે.

i. GoG Resolution No. SLR/11/2014/GoI/1154/B1 datred:08-07-2022
ii. Central Electricity Authority (Measures relating to Safety and Electric Supply) Regulation-૨૦૧૦ અને સમયાંતરે જારી કરવામાં આવેલ સુધારા સાથે
iii. Central Electricity Authority (ગ્રીડ કનેક્ટિવિટી માટેના ટેકનિકલ માપદંડો) ને લગતા નિયમો -૨૦૦૭ Central Electricity Authority (મીટરના ઓપરેશન અને સ્થાપન)ને લગતા નિયમો -૨૦૦૬ અને સમયાંતરે જારી કરવામાં આવેલ સુધારા સાથે
iv. Gujarat Electricity Regulatory Commission(Electric Supply code & Related Matters) નિયમો-૨૦૧૫ અને સમયાંતરે જારી કરવામાં આવેલ સુધારા સાથે
v. Gujarat Electricity Regulatory Commission(ડિસ્ટ્રિબ્યૂશન કોડ),૨૦૦૪ અને સમયાંતરે જારી કરવામાં આવેલ સુધારા સાથે
vi. ચીફ ઇલેક્ટ્રિકલ ઈન્સ્પેકટર તરફથી સમયાંતરે જારી કરવામાં આવતા સૂચનો, નિર્દેશો અને પરીપત્રો.
vii. CEA (Technical Standards for Connectivity of the Distributed Generation) Regulation, 2013 અને સમયાંતરે જારી કરવામાં આવેલ સુધારા સાથે.

b) સોલાર સિસ્ટમના આઇસોલેસન માટેના ઉપકરણોના (ઓટોમેટિક અને ઇનવર્ટરમાં સમાવિષ્ટ અને લાગુ પડતાં બહારના મેન્યુઅલ રીલે)નાં જરૂરીયાત મુજબનું સમારકામ,જાળવણી અને સંચાલન વીજ વિતરણ કંપનીની જરૂરીયાત મુજબ થાય તેવી વ્યવસ્થા કરવાની રહેશે અને વીજ વિતરણ કંપની તે માટે હક્ક-પ્રવેશ કરી શકશે.

c) જ્યારે વીજ ગ્રીડની ઉપલબ્ધતા ન હોય ત્યારે સોલાર સિસ્ટમ આપોઆપ ગ્રીડથી આઇસોલેટ થઇ જવી જોઇએ અને સોલાર સિસ્ટમનો પાવર વીજ વિતરણ કંપનીના વીજ પરિપથ (network)માં ન જવો જોઇએ. આ સમયે ગ્રાહક તેના મોટર-પંપસેટ વાપરી શકશે નહીં.

d) પ્લાન્ટના સંચાલન અને નિભાવ, ડ્રોઇંગ અને ડાયાગ્રામ, સાઇટ જવાબદારી માટેના સૂચિ, હાર્મોનિક્સ, સિંક્રોનાઇજેસન, વૉલ્ટેજ, ફ્રીક્વંસી, ફ્લીકર વિગેરેની બાબત અંગેના CEAના સંબંધિત Regulation મુજબના માપદંડો અનુસરવાના રહેશે.

e) વીજ ગ્રીડની ઉપલબ્ધતા ન હોય ત્યારે સોલાર પ્લાન્ટના બેક ફિડિંગના કારણે થતાં કોઈપણ અકસ્માત (જેવાકે માનવ/પ્રાણી, પ્રાણઘાતક/બિનપ્રાણઘાતક, ખાતાકીય/બિનખાતાકીય)ના કિસ્સામાં ચીફ ઇલેક્ટ્રીકલ ઇન્સ્પેકટર દ્વારા નક્કી કર્યા મુજબ જવાબદાર રહેશે. આવા તાકીદના કિસ્સામાં વીજ વિતરણ કંપનીને અકસ્માત રોકવા કે માનવ અને મટિરિયલને થતાં નુકશાનને અટકાવવા માટે ગ્રાહકનું વીજ સ્થાપન કાપવાનો હક્ક રહેશે.

f) વીજ વિતરણ કંપની સલામત અને વિશ્વસનીય વીજ વિતરણ સિસ્ટ્મ જાળવી રાખવાની પોતાની જવાબદારી નિભાવી શકે તે માટે જો તે નકકી કરે કે સોલાર સીસ્ટમ નાકારણે કંપનીની મિલ્કતને કે બીજા ગ્રાહ્કોને નુકસાન કે નકારાત્મક અસર થાય છે તો વીજ વિતરણ કંપનીના નિર્દેશ મુજબ સોલાર સીસ્ટમ નું તાત્કાલિક ગ્રીડમાથી જોડાણ દૂર કરી (disconnect) નાખવાનું રહેશે. જરૂરી સમારકામ કરાવ્યા બાદ અને વીજ વિતરણ કંપનીને સંતોષ થયા બાદ જ પુન:જોડાણ થઇ શકશે.

ઉપર મુજબના શરતો(7aથી 7f)નું પાલન કરવાની જવાબદારી ગ્રાહકની (પ્રથમ પક્ષકારની)રહેશે.

(17)

8. **<u>ગ્રાહક/ખેડૂત (પ્રથમ પક્ષકાર) ના હક્ક, કાર્યો અને જવાબદારીઓ:-</u>**

a) ઉપરોક્ત શરતો (7aથી 7f)નું પાલન કરવાની જવાબદારી ગ્રાહકની (પ્રથમ પક્ષકારની)રહેશે.

b) આ યોજનાના લાભાર્થી ખેડૂતને તેમના ફીડરના ૩ ફેઝ વીજ પુરવઠાના સમયપત્રકને માત્ર દિવસ દરમિયાનના સમયપત્રક તરીકે બદલી આપવામાં આવશે નહિ અને નિયમ મુજબ ૮ કલાકનો વીજ પુરવઠો મળશે. અર્થાત, જે તે ફીડરમાં જ્યારે દિવસ દરમિયાન ૩ ફેઝ વીજ પુરવઠાનું સમયપત્રક અમલવારીમાં હશે ત્યારે લાભાર્થી ખેડૂત સોલાર પંપ સેટમાંથી ઉત્પન્ન થતી સૌર ઉર્જાને તેમના સ્વ-વપરાશ બાદ વધારાની વીજળીને ગ્રીડમાં ઇન્જેકટ કરી શકશે પરંતુ તેમના ફીડરના ૩ ફેઝ વીજ પુરવઠા માટે રાત્રિ દરમિયાનના સમયપત્રક દરમિયાન લાભાર્થી ખેડૂત ગ્રીડના પાવર થકી પંપ સેટનો વપરાશ કરી શકશે પરંતુ તે દિવસ દરમિયાન સોલાર ઇન્વર્ટર ગ્રીડ સાથે સીંક્રોનાઇઝ થશે નહીં.

c) ગ્રાહક જે સર્વે નંબર વાળી જમીનમાં વીજ વપરાશ કરવા માટે અધિકૃત થયેલ હોય તે જ જગ્યામાં જ વીજ વપરાશ કરી શકશે.

d) ગ્રાહક ખેતી માટેના વીજ વપરાશ માટે યોજનાની જોગવાઇ મુજબ અન્ય કોઇપણ સબસિડી મેળવવા માટે હકદાર રહશે નહીં.

e) જે લાભાર્થી ખેડૂતોને યોજના હેઠળ પરંપરાગત વીજ જોડાણ આપવામાં આવશે તેમણે પાંચ વર્ષ સુધી સોલાર સીસ્ટમનું મેન્ટેનન્સ કરવાનું રહેશે અને જો સોલાર સીસ્ટમનું મેન્ટેનન્સ નહી કરવામાં આવે તો પરંપરાગત વીજ જોડાણનો લાભ ચાલુ રાખી શકાશે નહી.

f) લાભાર્થી ગ્રાહકે (પ્રથમ પક્ષકારે) વીજ સલામતીને અનુલક્ષીને તમામ પ્રકારની સાવચેતી રાખવાની રહેશે અને વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) તરફથી યોજના હેઠળ પ્રકાશિત સલામતી પુસ્તિકા વાંચી સમજી અને કોઇ અકસ્માત, ઘટના કે દુર્ઘટના ન બને તે માટે જરુરી સાવચેતી અને સંભાળ રાખવાની રહેશે તથા જરૂર પડ્યે વીજકંપની ને તુરંત જાણ કરવાની રહેશે.

g) કોઇપણ સંજોગોમાં ગ્રીડની ઉપલબ્ધતા ન હોય અને તે અનુસંધાને સોલાર સીસ્ટમમાંથી વીજ ઉત્પાદન ન થઇ શકે અથવા અન્ય કોઇ કારણોસર વીજ ઉત્પાદન ન થઇ શકે તેવા સંજોગોમાં ગ્રાહક(પ્રથમ પક્ષકાર) ઉત્પાદન-ખોટના કારણે થતાં નુકશાનપેટે વળતર માટે વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર)સામે માંગ / દાવો કરી શકશે નહીં.

h) ઓફ-ગ્રીડ સોલાર પંપને ગ્રીડ સાથે થતા જોડાણમાં અને સંચાલનમાં બેદરકારી અથવા પ્રતિકૂળ અસરો માટે વીજ વિતરણ કંપનીને (બીજા પક્ષકારને) પહોચતા નુકસાન માટે ગ્રાહક (પ્રથમપક્ષકાર) જવાબદાર રહેશે.

i) યોજનામાં જોડાયેલ લાભાર્થી ગ્રાહકનું બીલીંગ માન. આયોગ દ્વારા મંજુર કરેલ મીટર આધારિત (Meter based) ટેરીફ મુજબ કરવામાં આવશે.

9. **<u>વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) ના હક્ક, કાર્યો અને જવાબદારીઓ:-</u>**

a) વીજ વિતરણ કંપની(બીજા પક્ષકાર) ને મીટરિંગ સાધનો અને સોલાર સીસ્ટમના સાધનો, સ્વયાલિત અને મેન્યુઅલ બંને રીતે બંધ કરવાનો અધિકાર રહેશે.

b) કટોકટી અથવા આઉટેજની પરિસ્થિતિમાં, જ્યાં ઓટોમેટીકલી અને મેન્યુઅલી, જેમ કે સ્વિચ અથવા બ્રેકર થકી ડીસ કનેક્શન થઇ શકે તેમ નથી, તેવા સંજોગોમાં વીજ વિતરણ કંપનીને (બીજા પક્ષકારને) ગ્રાહકના (પ્રથમ પક્ષકારના) સ્થળે વીજ જોડાણ અથવા સોલાર સિસ્ટમ જોડાણ અથવા બંને જોડાણો કાપવાનો (disconnect)અધિકાર રહેશે.

18

c) વીજ વિતરણ કંપની (બીજા પક્ષકાર) સદર સોલાર સીસ્ટમમાંથી જે વીજ ઉત્પાદન થશે તેને વીજ વિતરણ કંપનીના આર.પી.ઓ.(Renewable Purchase Obligation) હેઠળ ગણી શકશે.

d) Central Electricity Authority (CEA)ના સમયાંતરના સુધારા સાથેના 'મીટરનું સ્થાપન અને સંચાલન' રેગુલેશન-૨૦૦૬ મુજબ મીટરિંગ વ્યવસ્થા કરવાની રહેશે. વિવિધ મીટરો કે જે આ સમગ્ર મીટરિંગ સિસ્ટમના ભાગ છે તેમને નીચે પ્રમાણે વ્યાખ્યાયિત કરવામાં આવે છે.

i. **જનરેશન મીટર**: સોલાર સિસ્ટમથી ઉત્પન્ન થતી વીજળી માપવાનું વીજ મીટર
ii. **કન્ઝ્યુમર મીટર**: ગ્રાહકનો વીજ વપરાશ માપવાનું લોડ સાઈડનું વીજ મીટર
iii. **ગ્રાહક નેટ મીટર**: વીજ વિતરણ કંપનીની લો-ટેન્શન (LT) વીજ લાઇન તરફ મૂકવામાં આવતું મીટર કે જેમાં ગ્રાહક દ્વારા સોલાર ઉત્પાદિત વપરાશ પછીની એક્સપોર્ટ કરાતી વધારાની વીજળી અને પોતાના વીજ સ્થાપનમાં વપરાશ માટે ગ્રીડમાંથી ઇમ્પોર્ટ કરાતી વીજળી માપી શકાય તે મીટર. આ મીટરમાં ઇમ્પોર્ટ અને એક્સપોર્ટ યુનિટ મપાય છે.

e) વીજચોરી/ ગેરરીતિ /અનિયમિતતાનાકિસ્સામાં વીજ કંપની દ્વારા વીજધારા,૨૦૦૩ અને Gujarat Electricity Regulatory Commission ના ઓર્ડર / રેગ્યુલેશન મુજબ પગલાં ભરવાની સત્તા રહેશે.

10. **<u>એનર્જી એકાઉન્ટીંગની અને કોમર્શિયલ સેટલમેન્ટની જોગવાઈઓ: (Methodology of Energy Accounting & Commercial Settlement)</u>**

એનર્જી એકાઉન્ટીંગની અને કોમર્શિયલ સેટલમેન્ટની જોગવાઈઓ ઠરાવ ક્રમાંક: SLR/e-file/૨૦/૨૦૨૨/૦૦૨૦/બ૧ તા. ૧૭.૦૪.૨૦૨૩ (તેમજ વખતોવખતના સુધારા સહીત) મુજબ નીચે પ્રમાણે રહેશે:

(અ) કોમર્શિયલ સેટલમેન્ટ (રકમ ચુકવવાપત્ર, જો કોઈ હોય તો) જે-તે નાણાકીય વર્ષ (એપ્રિલ-માર્ચ) ના આધારે હાથ ધરવામાં આવશે.

નાણાકીય વર્ષના અંતે, ફીડરમાં નેટ ઈન્જેકટેડ યુનીટને ડિસ્કોમ દ્વારા રૂ. ૧.૭૫ પ્રતિ યુનિટના દરે ખરીદવામાં આવશે. નેટ વપરાશ કરેલ યુનિટ નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના મંજુર થયેલ શીડ્યુલ મુજબ જે-તે લાગુ પડતા એગ્રીકલ્ચર ટેરીફ પર વસુલવામાં આવશે અને નાણાકીય વર્ષ દરમિયાન ગ્રાહક દ્વારા કોઈ બીલ ચુકવવામાં આવેલ હશે તો તે ભરપાઈ અથવા સરભર કરવામાં આવશે.

(બ) વીજ બીલ ગ્રાહકને બિલીંગ સાયકલ મુજબ જારી કરવાનું રહેશે અને ગ્રાહકે ધારાધોરણો અનુસાર નિર્ધારિત સમયગાળામાં બીલની રકમ ચુકવવાની રહેશે.

(ક) અગાઉના જમા યુનીટને સરભર કર્યા પછી બિલીંગ સાયકલ દરમિયાન ગ્રીડમાંથી ઉર્જાની ચોખ્ખી આયાત (નેટ વપરાશ) ના કિસ્સામાં, ઉપભોક્તા પાસેથી નામદાર ગુજરાત વીજ નિયમન આયોગના મંજુર થયેલ એગ્રીકલ્ચર ટેરીફ શીડ્યુલ મુજબ ચાર્જ વસુલવામાં આવશે.

(S) સિંચાઇ માટે વપરાશની જરૂરિયાત પૂરી કર્યા પછી ગ્રીડમાં ઇન્જેકટ કરાયેલ વધારાની ઉર્જા આગામી બિલીંગ સાયકલમાં લઇ જવામાં (carry forward) આવશે.

11. **<u>અન્ય શરતો:-</u>**

a) લાભાર્થી ખેડૂતોને કૃષિ વિષયક વીજ વપરાશ માટે અન્ય કોઈ સબસીડી મળવાપાત્ર રહેશે નહીં.

b) એનર્જી એકાઉન્ટીંગ અને કોમર્શિયલ સેટલમેન્ટ ઉપરોક્ત શરત (૧૦) મુજબ કરવાનું રહેશે.

c) જો કોઇ ખેડૂત પોતાના વીજ જોડાણનું નામફેર કરવા ઇચ્છે તો તે પ્રવર્તમાન નિયમોને આધીન નામફેર કરી શકશે. આવા સંજોગોમાં સોલાર સિસ્ટમની માલિકી અને જવાબદારી આવનાર નવા

(19)

ગ્રાહકની રહેશે અને તે મુજબ તમામ કરારો આવનાર નવા ગ્રાહકના નામે તબદીલ થવાને પાત્ર થશે અને આવનાર નવા ગ્રાહકે નવા કરારો કરવાના રહેશે. આ માટે લાગુ પડતા જે તે ચાર્જીસ નવા ગ્રાહકે ભરવાના રહશે.

d) આ કરારનો સમયગાળો મૂળ ઓફ-ગ્રીડ સોલાર સીસ્ટમ સ્થાપિત થયાની તારીખથી કુલ ૨૫ વર્ષ માટેનો રહેશે.

e) કરારનો અંત (Termination of agreement):
   a. ૯૦ દિવસની આગોતરી નોટીસ આપ્યા બાદ વીજ ગ્રાહક (પ્રથમ પક્ષકાર) કોઇ પણ સમયે આ 'ગ્રીડ જોડાણકરાર' રદ કરી શકશે. આ કરાર રદ થયા બાદ ગ્રાહકને યોજના અંતર્ગતના કોઇ પણ લાભો મળવા પાત્ર રહેશે નહી.

   b. જો કોઇ વીજ ગ્રાહક દ્વારા સદર યોજનાં અંતર્ગત કરવામાં આવેલ કરાર પૈકી કોઇ પણ શરતનો ભંગ થાય, અને વીજ વિતરણ કંપની દ્વારા લેખિત નોટીસ અપાયા બાદ ૩૦ દિવસમાં સદર ભંગ થયેલ શરતની સુધારણા ન થાય તો વીજ વિતરણ કંપની ૩૦ દિવસની નોટીસ આપી સદર કરાર રદ કરી શકશે. આ કરાર રદ થયા બાદ ગ્રાહકને યોજના અંતર્ગતના કોઇ પણ લાભોમળવા પાત્ર રહેશે નહી.

   c. આ કરાર રદ થયે વીજ ગ્રાહકે સોલાર સિસ્ટમને વીજ વિતરણ કંપનીની ગ્રીડ માંથી એક સપ્તાહમાં વીજ વિતરણ કંપનીની જાણ હેઠળ અલગ કરવાની રહેશે.

f) પત્ર વ્યવહારઃ આ કરાર અંતર્ગત આવરી લેવાયલ બાબતોનાં સદર્ભમાં કોઈ પણ પત્રવ્યવહાર કે માહિતીના આદાન - પ્રદાન માટે અધિકૃત કરવામાં આવેલા અધિકારી નીચે મુજબછે.

   કાર્યપાલક ઇજનેર શ્રી,
   (સંચાલન & નિભાવ)વિભાગીય કચેરી,
   _____વીજ કંપની લિમિટેડ,
   _____

g) સદર કરારના અમલ દરમ્યાન ઉદ્‌ભવતી કોઇ મુશ્કેલી/ વિવાદ નો નિવેડો સદર કરાર અને તે શરતો મુજબતમામ પક્ષકારોને બંધનકર્તા રહેશે.

h) વિવાદ નિવારણ:
   આ કરારથી ઉપસ્થિત થતા તમામ વિવાદોનું બંને પક્ષકારોએ પોતાની વિવેક બુધ્ધિથી અને સામાજિક હિત જળવાઇ રહે તે રીતે વાટાઘાટોથી આંતરિક સમજૂતી દ્વારા નિવારણ કરવાનું રહેશે. જો સદર વિવાદોનું નિવારણ આંતરિક સમજૂતી દ્વારા ન થાય તો અસરકર્તા પક્ષકાર દ્વારા સદર વિવાદને સક્ષમ ફોરમ (કે જેને સદર વિવાદનું નિરાકરણ કરવાની કાયદા હેઠળ સત્તા હોય તે ફોરમ)સમક્ષ વિવાદનું નિરાકરણ લાવવાનું રહેશે.

ઉપરોકત કરારની તમામ શરતો બંનેપક્ષકારોએ વાંચી/વંચાવી, સમજી, વિચારી,અકક્લ હોશીયારીથી લખી આપેલ છે જે બંને પક્ષકારોને બંધનકર્તા રહેશે અને આ શરતોના સ્વીકાર બદલ બંને પક્ષકારો દ્વારા સદર કરાર ઉપર સહી કરવામાં આવે છે.

તારીખ..... : સ્થળ.....:

(૨૦)

૧. પ્રથમપક્ષકાર (ગ્રાહક ખેડૂત) સહી શ્રી /શ્રીમતી _____ સરનામું _____	સાક્ષી સહી નામ શ્રી /શ્રીમતી..... હોદો ....., સરનામું,_____ , સહી નામ શ્રી/શ્રીમતી..... હોદો ....., સરનામું,_____,
૨. (બીજા પક્ષકાર).....વીજ વિતરણ કંપની વતી સહી નામ શ્રી/શ્રીમતી..... હોદો, સરનામું,_____ , સિક્કો	સાક્ષી. સહી નામ શ્રી /શ્રીમતી..... સરનામું_____, સહી નામ શ્રી/શ્રીમતી..... હોદો ....., સરનામું,_____.

***

Anx-A:- Details of Yearwise & Capacitywise Solar Water Pumps installed

DISCOM	2014-15				2015-16				2016-17				2017-18				Capacity Wise Grand Total			
	3 HP	5 HP	7.5 HP	Total	3 HP	5 HP	7.5 HP	Total	3 HP	5 HP	7.5 HP	Total	3 HP	5 HP	7.5 HP	Total	3 HP	5 HP	7.5 HP	Total
DGVCL	13	39	0	52	89	108	0	197	250	1347	3	1600	267	1040	143	1450	619	2534	146	3299
MGVCL	77	98	0	175	157	214	0	371	191	285	24	500	246	177	96	519	671	774	120	1565
PGVCL	9	1283	0	1292	1	1495	0	1496	5	1095	500	1600	31	1692	833	2556	46	5565	1333	6944
UGVCL	0	60	0	60	0	99	0	99	0	270	30	300	1	266	208	475	1	695	238	934
Total	99	1480	0	1579	247	1916	0	2163	446	2997	557	4000	545	3175	1280	5000	1337	9568	1837	12742
Total installed KW	297	7400	0	7697	741	9580	0	10321	1338	14985	4177.5	20500.5	1635	15875	9600	27110	4011	47840	13777.5	65628.5

Ann-A (21)

Ann-B (22)

રાજ્યમાં ખેડૂતોને સૌર ઉર્જા સંચાલિત
સિંચાઇ પમ્પ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની
યોજના બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: 25 SEP 2014

પ્રસ્તાવના:

રાજ્યમાં કૃષિ વિષયક વીજ જોડાણો મેળવવા માટેની મોટા પ્રમાણમાં પડતર અરજીઓને કારણે કૃષિ વીજ ગ્રાહકોને વીજ જોડાણની અરજીની નોંધણી કરાવ્યા પછી પણ વીજ જોડાણ મેળવવા માટે વર્ષો સુધી રાહ જોવી પડતી હોય છે. વધુમાં કૃષિ વીજ ગ્રાહકો દ્વારા રાજ્યનાં કુલ વીજ વપરાશના ૨૦% કરતાં પણ વધુ વીજ વપરાશ કરવામાં આવે છે અને તે માટે થતા ખર્ચનો મહત્તમ હિસ્સો રાજ્ય સરકારે સબસીડીરૂપે વહન કરવો પડે છે જે વર્ષોવર્ષ વધતો જ જાય છે. આ ઉપરાંત નવા કૃષિ વીજ જોડાણો માટેની આંતર માળખાકીય સુવિધાઓ જેવી કે હળવા/ભારે દબાણની લાંબી વીજ રેષાઓ, થાંભલાઓ, ટ્રાન્સફોર્મર્સ, ફીડર્સ, મીટરો વગેરેનો પણ મોટો ખર્ચ આવે છે. આથી રાજ્ય સરકાર દ્વારા કૃષિ વીજ વપરાશમાં બચત થાય, કૃષિકારોમાં સૌર ઉર્જાનાં વપરાશ પરત્વે જાગૃતિ કેળવાય તથા રાજ્ય સરકાર પરનું સબસીડીનું ભારણ પણ હળવુ થાય તે માટે પરંપરાગત ઉર્જા સંચાલિત પમ્પ સેટ્સના વિકલ્પે સૌર ઉર્જા સંચાલિત પમ્પ સેટ્સનાં ઉપયોગ માટે વિચારણા હાથ ધરવામાં આવેલ અને ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી આ યોજના અમલમાં મૂકવાનું નક્કી કરી રાજ્યના ફેરફાર કરેલ અંદાજપત્રમાં આ હેતુ માટે રૂ. ૫૦.૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

ઠરાવ:

રાજ્ય સરકાર દ્વારા સઘન વિચારણા બાદ નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી સૌર ઉર્જા સંચાલિત કૃષિ પમ્પ સેટ્સ માટેની યોજના સમગ્ર રાજ્યમાં અમલમાં મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે તદઅંતર્ગત ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન રાજ્યમાં પ્રાયોગિક ધોરણે ૧૦૦૦ પમ્પ સેટ્સનાં વિતરણ માટે આ યોજના અમલી બનાવવાનું નક્કી કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા દરેક લાભાર્થી ખેડૂતને જરૂરિયાત અનુસાર ત્રણથી પાંચ હોર્સ પાવરનાં સૌર ફોટો વોલ્ટીક આધારિત સબમર્સીબલ પમ્પ સેટ્સ (માત્ર એસી વીજ પ્રવાહ આધારિત) પૂરા પાડવામાં આવશે. વર્ષ ૨૦૧૪-૧૫ માટે વીજ વિતરણ કંપનીવાર લક્ષ્યાંકો અને એ માટેનો અંદાજિત ખર્ચ નીચે મુજબ રહેશે.

Copy sent to:
Dir. (A)
Dir. (CECT)

Dy. C. (CECT)
CE-2/ABF

વીજ વિતરણ કંપની	સૌર ઉર્જા પમ્પ સેટ્સની સંખ્યા	પમ્પ સેટ દીઠ કીંમત (રૂ. લાખમાં)	કુલ ખર્ચ (રૂ. લાખમાં)
દક્ષિણ ગુજરાત વીજ કંપની લી.	૧૦૦	૬.૦૦	૬૦૦.૦૦
મધ્ય ગુજરાત વીજ કંપની લી.	૧૦૦	૬.૦૦	૬૦૦.૦૦
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી.	૭૦૦	૬.૦૦	૪૨૦૦.૦૦
ઉત્તર ગુજરાત વીજ કંપની લી.	૧૦૦	૬.૦૦	૬૦૦.૦૦
કુલ.....	૧૦૦૦		૬૦૦૦.૦૦

આ એક સૂચક લક્ષ્યાંક છે, ખેડૂતોના પ્રતિસાદ ઉપરથી આ લક્ષ્યાંકમાં જરૂરી ફેરફાર કરી શકાશે. ત્યારબાદ યોજનાની સફળતાના મૂલ્યાંકન બાદ હવે પછીના વર્ષોમાં યોજનાનો વ્યાપ વધારવાની અને યોજનાને ચાલુ રાખવાની વિચારણા હાથ ધરવામાં આવશે.

આ યોજનાનો લાભ લેવા ઇચ્છતા અરજદારો માટેનાં માપદંડો/ ધારાધોરણો/ શરતો નીચે મુજબ રહેશે.

(૧) જે અરજદારનાં નામે ઓછામાં ઓછી એક એકર જમીન અને તેમાં બોર/કૂવો હયાત હશે તેમને જ આ યોજનાનો લાભ મળી શકશે.

(૨) તા. ૩૧/૦૩/૨૦૧૪ ની સ્થિતિએ અરજીની નોંધણી થયેલ હોય, જેમને અંદાજપત્ર પાઠવેલ હોય અથવા જે અરજદારોએ અંદાજપત્રની રકમ ભરપાઇ કરેલ હોય તેવા જ અરજદારોને આ યોજનાનો લાભ મળી શકશે. જેમણે તા. ૩૧/૦૩/૨૦૧૪ સુધી કૃષિ વીજ જોડાણ માટે અરજી કરેલ નથી તેમને આ યોજનાનો લાભ મળી શકશે નહીં.

(૩) જે અરજદારોએ પરંપરાગત વીજ જોડાણ માટે અંદાજપત્રની રકમ ભરી દીધી હશે તેમને આ યોજનામાં ભરવી પડતી ફાળાની રકમ સામે આ રકમ સરભર કરી આપવામાં આવશે.

(૪) તત્કાલ યોજના-૨૦૧૩ માં વીજ જોડાણ મેળવવા સ્વીય ઓવર/તબદીલ થયેલ અરજીઓ આ યોજના માટે વિચારણામાં લેવામાં આવશે નહીં.

(૫) અરજદાર દ્વારા જે બોર/કૂવા માટે સૌર ઉર્જા પમ્પની માંગણી કરેલી હશે તે બોર/કૂવો હયાત ગ્રીડ (કૃષિ વિષયક ફીડરની લાઇન) થી એક કી. મી. થી વધારે અંતરે આવેલો હોવો જોઇશે. પરંતુ જે અરજીઓમાં આરક્ષિત જંગલ વિસ્તાર, રેલવે ક્રોસીંગ કે નદી-નાળાના અવરોધ હશે તેવા કિસ્સાઓમાં એક કી. મી. નો માપદંડ લાગુ પડશે નહીં, જો કે તે માટે વીજ કંપનીના સક્ષમ અધિકારીની મંજૂરી મેળવવી આવશ્યક રહેશે.

(૬) ડાર્કઝોન વિસ્તારનાં અરજદારોએ સરકારશ્રીનાં પ્રવર્તમાન ધારાધોરણો અનુસાર સુક્ષ્મ પિયત પદ્ધતિનો અમલ કરવાનો રહેશે.

(૨૫)

(૭) ઉપર દર્શાવેલ માપદંડો લાગુ પડતા હોય તેવા અરજદારો જ અરજી કરી શકશે અન્ય **અરજદારો અરજી કરી શકશે નહીં. અરજદારોએ** અરજીની નોંધણી સાથે તા. ૩૧/૦૩/૨૦૧૪ કે તે પહેલાની જૂની નોંધણીની પાવતીની ઝેરોક્ષ નકલ રજૂ કરવાની રહેશે. અરજદારનો અગ્રતાક્રમ તેની મૂળ અરજીની તારીખ પ્રમાણેનો રહેશે.

(૮) આ યોજનામાં અરજી કરનાર તમામ **અરજદારોએ અરજીફોર્મ સાથે રૂ. ૧૦૦૦/-** ડીપોઝીટ પેટે ભરવાનાં રહેશે. પાત્રતા ધરાવતા અરજદારોની ડીપોઝીટની રકમ પમ્પ સેટ્સ માટે ભરવાની થતી ફાળાની રકમ સામે સરભર કરી આપવામાં આવશે જ્યારે તે સિવાયના પાત્રતા ન ધરાવતા અરજદારોને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

(૯) પાત્રતા ધરાવતા અરજદારો પૈકી અનુસૂચિત જાતિનાં લાભાર્થીઓએ તથા ટ્રાયબલ વિસ્તારનાં અનુસૂચિત જનજાતિનાં લાભાર્થીઓએ રૂ. ૧૦૦૦/- પ્રતિ હોર્સ પાવર અને તે સિવાયના અન્ય તમામ લાભાર્થીઓએ રૂ. ૫૦૦૦/- પ્રતિ હોર્સ પાવરની રકમ **ગ્રાહક** ફાળા પેટે ભરવાની રહેશે.

(૧૦) આ યોજનાના લાભાર્થી કે લાભાર્થીના વારસદારો એ જ સર્વે નંબરમાં કે એ સર્વે નંબરના વિભાજિત થયેલા ટૂકડામાં પરંપરાગત કૃષિ વીજ જોડાણ મેળવવા માટે સોલાર ઉર્જા પમ્પ મેળવ્યાની તારીખથી ૫ (પાંચ) વર્ષ સુધી હક્કદાર **રહેશે નહી. જે** માટે અરજદારે નોટરાઇઝ્ડ કરારનામુ **(કબુલાતનામુ) ૫ (પાંચ) વર્ષ માટે કરવાનું રહેશે.**

(૧૧) સૌર ઉર્જા પમ્પ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી સંબંધિત વીજ વિતરણ કંપનીની રહેશે.

(૧૨) સૌર પમ્પ, પેનલ તથા અન્ય માળખાની જાળવણી માટે જરુરી ફેન્સીંગ લાભાર્થીઓએ પોતાના ખર્ચે કરાવવાની રહેશે.

(૧૩) લાભાર્થી પોતાની જમીનમાંથી સૌર ઉર્જા પમ્પ અન્યત્ર ખસેડી શકશે **નહીં કે કોઇને** તબદીલ કરી શકશે નહીં.

(૧૪) સૌર ઉર્જા પમ્પના સ્થાપન બાદ જો લાભાર્થી ૫ (પાંચ) વર્ષમાં પોતાની જમીનનું વેચાણ કરે તો તેણે સબસીડીની તમામ રકમ સંબંધિત વીજ વિતરણ કંપનીને પરત કરવાની રહેશે.

(૧૫) દરેક લાભાર્થીને લાઇટીંગ વપરાશ માટે દીવાબત્તી અને **મોબાઇલ ચાર્જરનો પોઇન્ટ સૌર ઉર્જા પમ્પ સાથે પૂરો પાડવામાં આવશે.**

(૧૬) સૌર ઉર્જા પમ્પનો ઉપયોગ માત્રને માત્ર બોર/કૂવામાંથી પાણી મેળવી જે તે સર્વે નંબરમાં સિંચાઇના હેતુ માટે જ કરવાનો રહેશે. અરજદાર આ પમ્પનો ઉપયોગ અન્ય હેતુ માટે કરતો જણાશે તો **સંબંધિત વીજ કંપની પમ્પ/ પેનલ પરત** લઈ શકવા માટે હક્કદાર રહેશે અને અરજદારને આ પેટે કોઇ વળતર ચૂકવવામાં આવશે નહીં કે

ડીપોઝીટની રકમ પણ પરત કરવામાં આવશે નહીં.

(૧૭) વીજ વિતરણ કંપનીઓ દ્વારા સૌર ઉર્જાના વપરાશના યુનિટની નોંધણી કરવામાં આવશે પરંતુ તેનું બીલીંગ કરવામાં આવશે નહીં.

(૧૮) સૌર પમ્પની સંપૂર્ણ જવાબદારી લાભાર્થીની રહેશે.

(૧૯) સૌર પમ્પના ટેન્ડરમાં આગામી પાંચ વર્ષ માટે વીમો, વાર્ષિક જાળવણી ખર્ચ વગેરે શરતો આવરી લેવાની રહેશે.

યોજનાનો અમલ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ અને ચાર વીજ વિતરણ કંપનીઓએ નિમ્ન નિર્દિષ્ટ કાર્યપદ્ધતિથી કરવાનો રહેશે.

(ક) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ અને ચાર વીજ વિતરણ કંપનીઓના મુખ્ય ઇજનેર/વિશેષ મુખ્ય ઇજનેરોની એક સમિતીનુ ગઠન કરવાનું રહેશે. આ સમિતીએ યોજનાના ટેન્ડર સંબંધિત માપદંડો, દસ્તાવેજો વગેરેની ચકાસણી તથા ટેન્ડર સંબંધિત તમામ આનુષાંગિક કામગીરી કરવાની રહેશે.

(ખ) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડે કેન્દ્રીય ખરીદ સમિતિની કાર્યપદ્ધતિ અનુસાર ટેન્ડર મંગાવવાની અને એજન્સીઓ નક્કી કરવાની કામગીરી કરવાની રહેશે.

(ગ) ટેન્ડરમાં ભાગ લેનાર બીડર્સ કેન્દ્ર સરકારના બીન પરંપરાગત ઉર્જા મંત્રાલય (એમએનઆરઇ) માન્ય એસપીવીના ભાગીદાર અને પૂરતો અનુભવ તથા સારો ભૂતકાળ ધરાવતા હોવા જોઇશે.

(ઘ) વીજ વિતરણ કંપનીઓએ બહોળી પ્રસિદ્ધિ ધરાવતા સ્થાનિક વર્તમાનપત્રો તથા અન્ય પ્રચાર માધ્યમો દ્વારા યોજનાનો બહોળો પ્રચાર કરી અરજીઓ મેળવવાની રહેશે.

(ચ) અરજદારો તરફથી જરુરી દસ્તાવેજો તેમજ નિયત ફી સાથે મળેલ અરજીઓની ચકાસણી દરેક વીજ વિતરણ કંપનીઓએ બે અઠવાડિયામાં કરી લેવાની રહેશે.

(છ) અરજદારોએ ડીપોઝીટની રકમ સંબંધિત પેટા વિભાગિય કચેરીમાં ભરવાની રહેશે.

